તળપદા કોળી સમાજના સમુહ લગ્ન યોજાયા

■ સુરતના ડભોલી ખાતે આવેલી ગોવિંદજીની હવેલીમાં તળપદા કોળી સમાજના સમુહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર દક્ષિણ ગુજરાતમાંથી સમાજના લોકોએ હાજરી આપી નવદંપતિઓને આશિર્વાદ આપ્યા હતાં.
(તસવીર : સતીષ જાદવ)

આકાશ સ્વચ્છ થતાં ગરમી વધવાના અણસાર, રાજકોટમાં 41 ડિગ્રી

ગુજરાતના માથેથી સિસ્ટમ ખસી જતાં ધોમ ફરી ધખવા લાગ્યો, પાંચેક દિવસ હીટવેવ જેવી હાલત રહેશે

ગાંધીનગરઃ અરબી સમુદ્ર પરથી આવેલી સિસ્ટમ ગુજરાત પરથી હટી જતાં હવે આકાશ કલીયર થઈ ગયું છે, જેના પગલે ગરમીમાં વધારો થવાની વકી રહેલી છે. આગામી પાંચ દિવસ દરમ્યાન ગરમી યથાવત રહશે, આજે દિવસ દરમ્યાન રાજ્યમાં અમરેલી તથા રાજકોટમાં ગરમીનો પારો 41 ડિગ્રીએ પહોંચ્યો હતો.

અમદાવાદના એરપોર્ટ કેમ્પસ સ્થિત હવામાન વિભાગના સત્તાવાર સૂત્રો મુજબ આજે અમદાવાદમાં 40 ડિ.સે., ડીસામાં 39 ડિ.સે., ગાંધીનગરમાં 37 ડિ.સે.,વલ્લભ વિદ્યાનગરમાં 39 ડિ.સે., વડોદરામાં 40 ડિ.સે., સુરતમાં 39 ડિ.સે., વલસાડમાં 38 ડિ.સે. દમણમાં 36 ડિ.સે., ભૂજમાં 41 ડિ.સે.,નલિયામાં 35 ડિ.સે., કંડલા પોર્ટ પર 34 ડિ.સે., કંડલા એરપોર્ટ પર 39 ડિ.સે., અમરેલીમાં 41 ડિ.સે., ભાવનગરમાં 38 ડિ.સે., રાજકોટમાં 41 ડિ.સે., સુરેન્દ્રનગરમાં 40 ડિ.સે., મહુવામાં 40 અને કેશોદમાં 40 ડિ.સે. મહત્તમ તાપમાન નોંધાયું હતું.

અનામત યથાવત રહેશે એ મોદીની ગેરંટી છે: અમીત શાહ

રાહુલ ગાંધી અનામત મામલે જુઠ્ઠુ બોલે છે

અમદાવાદઃ ભાજપની સરકાર એસસી, એસટી અને દલિતો માટેની અનામત ખત્મ કરી નાંખશે , તેવા કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ કરેલા આરોપોનો જવાબ આપતા અમદાવાદમાં કેન્દ્રિય ગૃહ પ્રધાન અમીત શાહે કહ્યું હતું કે રાહુલ ગાંધી જુઠ્ઠુ બોલીને પ્રજાને ગેરમાર્ગે દોરવાની વાતો કરી રહ્યાં છે. ભાજપની સરકાર દેશમાં છેલ્લા દસ વર્ષથી ચાલી રહી છે. બન્ને સરકારો પૂર્ણ બહુમતથી બનેલી સરકારો છે. જો ભાજપની ઈચ્છા હોત કે અમારે અનામત ખત્મ કરવી છે, તે ક્યારની થઈ ચૂકી હોત. ઉલ્ટુ પીએમ નરેન્દ્ર મોદીએ એસસી, એસટી અને દલિતોને ગેરંટી આપી છે કે જ્યાં સુધી ભારતીય જનતા પાર્ટી છે ત્યાં સુધી તેમની અનાતમ રહેવાની જ છે.

આ પહેલા પોરબંદરમાં શાહે કોંગ્રસની ઝાટકણી કાઢતા જણાવ્યું હતું કે, દશ વર્ષ યુપીએ સરકારે ગુજરાતને અન્યાય કરવામાં કાંઈ બાકી નહોતુ રાખ્યુ, ૨૦૦૪થી ૨૦૧૪ સુધી યુપીએના સમયમાં ગુજરાતને કેન્દ્રમાંથી ૩.૧,૨૨,૦૦૦ કરોડ મળ્યા જ્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના શાસનમાં છેલ્લા દસ વર્ષમાં ગુજરાતને ૩.૫,૯૫,૦૦૦ કરોડ મળ્યા છે. કોંગ્રેસે હંમેશા જવાહરલાલ નેહરુ, ઇન્દિરા ગાંધી, રાજીવ ગાંધી અને એક પરિવાર સિવાય બીજો કોઈ મોટો નેતા જ ન હોઈ શકે તેવી માનસિકતા સાથે મહાત્મા ગાંધીના યોગદાનને ભૂલાવવાનો અને સરદાર પટેલનું નામોનિશાન મિટાવવા પ્રયાસ કર્યા હતા. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના કેવડિયામાં દેશની જનતાને સરદાર સાહેબ માટે જે અપાર સન્માન છે તેના અનુરૂપ સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા બનાવી સમગ્ર દુનિયામાં તેમનું નામ અમર બનાવ્યું છે. પીએમ મોદી વર્ષ ૨૦૪૭માં વિકસિત ભારતના સંકલ્પ સાથે અવિરતપણે અથાગ પરિશ્રમ કરી રહ્યા છે. છેલ્લા દસ વર્ષમાં મોદીએ કોંગ્રેસે કરેલા ખાડાઓ ભર્યા છે, આગામી પાંચ વર્ષ વિકસિત ભારતની ઇમારતનો પાયો નાખવાના વર્ષ છે.

ભાજપ પાસે વોશિંગ મશીન નહીં 'મોટી લોન્ડ્રી'છે : સિંઘવી

વિટામિન M(મની), મશીન (EVM), મશીનરી (સરકારી એજન્સીઓ) મેનપાવરના દુર ઉપયોગ, ડર, ભય... બધું ભેગું કરીને ભાજપ સરકારે કોકટેલ'બનાવ્યું છે

ગાંધીનગરઃ લોકસભાની ચૂંટણીના પ્રચાર દરમ્યાન આજે અમદાવાદ આવી પહોંચેલા કોંગ્રેસના પૂર્વ સાંસદ અને વરિષ્ઠ અગ્રણી ડૉ. અભિષેક મનુ સિંઘવીએ જણાવ્યું હતું કે સુરતની બેઠક બિન હરીફ થઈ તેની સાથે જ લોકતાંત્રિક પ્રક્રિયાને નબળી પાડવાનું અને લોકશાહીના સિદ્ધાંતોનું ઉલ્લંઘન કરવાનું કામ ભાજપે કર્યું છે. નાણાં, મશીનરી અને મેનપાવરનો દુરુપયોગ ભાજપ કરી રહ્યો છે.

તાજેતરની લોકસભાની ચૂંટણીમાં ભાજપના કુલ ૪૧૭ ઉમેદવારોમાંથી એક ચતુર્થાંશ ઉમેદવારો અન્ય પક્ષોમાંથી પક્ષપલટો કર્યો છે. ભાજપ સરકારી સંસ્થાને નષ્ટ કરવાનું કામ કરી રહી છે. ભાજપ સરકાર શામ, દામ, દંડ, ભેદ નીતિ અપનાવી રહી છે. જે આજ સુધી ક્યારેય નથી થયું. ભાજપ સરકાર ઉમેદવારને ખરીદવાનું અને લોકતંત્રની મજાક બનવવાનું કામ કરી રહી છે. ભાજપ દ્વારા કર્ણાટક, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્રમાં સત્તા મેળવવા ખરીદ વેચાણ કરવામાં આવ્યું હતું. ૭૫ વર્ષમાં અનેક સરકાર આવી પરંતુ આ ભાજપ સરકાર જેવી કોઈ સરકાર આવી નથી. જેને બંધારણીય સંસ્થાઓને ન ભરપાઈ થાય તેવું નુકસાન કર્યું છે. લોકસભાની ચૂટણીમાં ભાજપે ૪૧૭ ઉમેદવાર ઉભા રાખ્યા છે જેમાંથી ૧૧૬ ઉમેદવાર વિવિધ પક્ષોમાંથી આવ્યા હોય તેવા છે. હરિયાણાનાં ૫૦ ટકા ભાજપના ઉમેદવાર અન્ય પક્ષોમાંથી આવેલા છે. મુખ્ય પક્ષોમાંથી ૨૫ આગેવાનો જેના પર ભાજપ ભ્રષ્ટાચારનો આરોપ લગાવી રહ્યા હતા તેમાંથી ૨૩ જેટલા લોકો ભાજપના વોશિંગ મશીનમાં ધોવાઈ ગયા છે.

રાજ્યની ગ્રાહક અદાલતનો મહત્વનો ચુકાદો

વિમો પહેલાની બીમારી અને જેની સારવાર થઈ તે બીમારી વચ્ચે સંબંધ નથી : ગ્રાહક કોર્ટ

વિમા કંપની ગ્રાહક અદાલતમાં હારી ગઈ હતી અને રાજ્યની ગ્રાહક અદાલતમાં દાદ માંગી હતી પરંતુ ત્યાં પણ હારી ગઈ

સુરતઃ રાજ્યની ગ્રાહક અદાલતે મહત્ત્વનો ચુકાદો આપ્યો છે. જેની સારવાર મેળવી તે બીમારી અને વીમો લેતા પહેલાની બીમારી વચ્ચે સીધો સંબંધ ન હોય તો વીમા કંપની ક્લેઈમ નામંજૂર કરી શકે નહીં.

કેસની વિગત એવી છે કે, ફરિયાદી પ્રેમપ્રકાશ સૂરજમલ લખારાએ સ્ટાર હેલ્થ એન્ડ અલાઈટ ઈન્સ્યુરન્સ કંપની પાસેથી મેડિક્લેઈમ લીધો હતો. વીમો અમલમાં હતો ત્યારે પ્રેમપ્રકાશની પત્ની પાર્વતીને તાવ, ઊલટી, ગભરામણ અને ચક્કર આવતાં હતાં. તેથી તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમની સર્જરી કરવામાં આવી હતી. સારવાર ચાલુ હતી તે દરમિયાન તેમનું અવસાન થયું હતું. સારવારનો કુલ 2.33 લાખ રૂપિયા ખર્ચ થયો હતો. પ્રેમપ્રકાશે વીમા કંપનીમાં ક્લેઈમ કર્યો હતો.

વીમા કંપનીએ એવું કહીને ક્લેઈમ નામંજૂર કર્યો કે ફરિયાદીને પત્નીને વીમો લેવાના પહેલાથી બીમારી હતી, જે વાત વીમો લેતી વખતે છુપાવી હતી. પ્રેમપ્રકાશે એડવોકેટ શ્રેયસ દેસાઈ મારફત સુરત જિલ્લા ગ્રાહક કોર્ટમાં વીમા કંપની વિરુદ્ધ ફરિયાદ કરી હતી. ગ્રાહક કોર્ટે એડ્વોકેટ શ્રેયસ દેસાઈની દલીલો ગ્રાહ્ય રાખીને નોંધ્યું કે, જેની સારવાર મેળવી તે બીમારી અને વીમો લેતા પહેલાની બીમારી વચ્ચે સીધો સંબંધ ન હોય તો ક્લેઈમ નામંજૂર થઈ શકે નહીં. જેથી વીમા કંપનીએ ક્લેઈમની રકમ આપવાની રહે છે.. આ હુકમથી નારાજ થઈને વિમા કંપનીએ રાજ્યની ગ્રાહક અદાલતમાં અરજી કરી હતી. રાજ્ય ગ્રાહક અદાલતે પણ એડવોકેટ શ્રેયસ દેસાઈની દલીલો ગ્રાહ્ય રાખીને સુરત જિલ્લા ગ્રાહક અદાલતનો ચુકાવો કાયમ રાખીને ક્લેઈમની રકમ ચૂકવવા વિમા કંપનીને હુકમ કર્યો હતો.

રાહુલ ગાંધી આજે સવારે પાટણમાં

ગાંધીનગરઃ કોંગ્રેસની નેતાગીરીએ હવે ગુજરાતમાં પોતાનો પ્રચાર તેજ બનાવ્યો છે. પ્રિયંકા ગાંધીએ વલસાડમાં ધરમપુર ખાતે સભાનો સંબોધન કર્યા બાદ હવે કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી ગુજરાત આવી રહ્યાં છે. આવતીકાલે સવારે રાહુલ ગાંધી 11.30 વાગ્યે પાટણ પ્રગતિ મેદાન ખાતે કોંગ્રેસના ચૂંટણી પ્રચારમાં સભાને સંબોધન કરશે. આ રેલીમાં ગુજરાત કોંગ્રેસના પ્રભારી મુકુલ વાસનિક અને પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલ પણ ઉપસ્થિત રહેશે.

કોંગ્રેસ પાસે નેતા- નીતિ અને નિયત પણ નથી : રાજનાથસિંહ

લોકસભા ચૂંટણીમાં ભાજપ ભવ્ય જીત તરફ આગળ વધી રહ્યું છે તેની શરૂઆત સુરતથી થઇ છે

ગાંધીનગરઃ ગુજરાતના ચૂંટણી પ્રવાસે આવેલા કેન્દ્રિય સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે કહ્યું હતું કે દેશમાં બે ફેઝનું મતદાન થઇ ગયું છે. ભાજપે 400 પારનો સંકલ્પ રાખ્યો છે તે સરળતાથી પ્રાપ્ત થવા જઇ રહ્યો છે. રાજનાથસિંહે પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું હતું કે લોકસભા 2024ની ચૂંટણીમાં ભાજપે કરેલા વિકાસના કાર્યો, મોદી સાહેબની લોકપ્રિયતા અને વિશ્વસનિયતાના આધારે ચૂંટણી લડી રહ્યા છીએ. દેશને લાંબા સમયથી એક એવા નેતૃત્વની જરૂર હતી જે દેશને વિકસીત ભારત બનાવે, તે પીએમ નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતને મળ્યું છે. આજે ભારત ઝડપથી વિકસીત થતી અર્થવ્યવસ્થા છે. આજે ભારત વિશ્વની પાંચમા નંબરની અર્થવ્યવસ્થા તરીકે ઉભરી આવ્યું છે. આવનાર દિવસમા ભારત મોદી સાહેબના નેતૃત્વમા વિશ્વની ત્રીજા નંબરની અર્થવ્યવસ્થા બનશે તેને દુનિયાની કોઇ તાકાત નહી રોકી શકે.

કોંગ્રેસ પર પ્રહાર કરતાં તેમણે જણાવ્યું હતું કે, લોકસભા ચૂંટણીમાં ભાજપ ભવ્ય જીત તરફ આગળ વધી રહ્યું છે તેની શરૂઆત સુરતથી થઇ છે પરંતુ કોંગ્રેસ આરોપ લગાવે છે કે લોકતંત્ર સંકટમાં છે.

આ આરોપ લગાવવાનો આધાર શું છે તે કોંગ્રેસે જણાવવું જોઇએ. આ પહેલા લોકસભા 28 સાંસદો બિનહરિફ થયા છે તેમાં કોંગ્રેસના પણ 20 છે. કોંગ્રેસ હારની હતાશામાં આવી ગઇ છે એટલે લોકતંત્ર સંકટમાં છે તેમ કહી રહી છે. કોંગ્રેસે ઇમરજન્સી લાવીને લોકતંત્રની હત્યા કરવાનું કામ કર્યુ હતું. ભાજપ સરકારે એક પણ સરકારને પાડવાનું કામ કર્યુ હોય તેની વિગત કોંગ્રેસ આપવી જોઇએ.

સચિન GIDCમાં યુવકે ઝેર પીને આત્મહત્યા કરી લીધી

સુરતઃ સચિન જીઆઇડીસીમાં યુવકે ઝેર પીને આત્મહત્યા કરી લીધી હતી. નવી સિવિલ હોસ્પિટલમાંથી મળતી માહિતી મુજબ, મૂળ ઓરિસ્સાના વતની અને હાલ સચિન જીઆઇડીસી વિસ્તારમાં આવેલા સાઈરાજ કોમ્પલેક્સમાં વિનોદ રંક રાઉત (ઉ 40 વર્ષ) બે સંતાન સહિતના પરિવાર સાથે રહેતો હતો. તે લૂમ્સ ખાતામાં નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. શનિવારે રાત્રે 10:30 વાગ્યાના સુમારે તેણે ઝેર પીને આત્મહત્યા માટે પ્રયાસ કર્યો હતો. જેથી પરિવારજનો 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે સચિનની ખાનગી હોસ્પિટલમાં લઈને ગયા હતા. ત્યારબાદ વધુ સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું.

બોલેરોમાં ચોરખાનું બનાવી હેરફેર કરાતો 61 હજારનો દારૂ ઝડપાઈ ગયો

બાતમીને આધારે પીસીબીનું ઓપરેશન, ડ્રાઈવરની ધરપકડ, 8.73 લાખનો મુદ્દામાલ જપ્ત, બે વોન્ટેડ

સુરતઃ પોલીસની નજરથી બચવા ફોરવ્હિલ ગાડીમાં ચોરખાના બનાવી દારૂની હેરાફેરી કરનારાની પીસીબી પોલીસે કુલ 8.73 લાખના મુદ્દામાલ સાથે ધરપકડ કરી છે.

પીસીબીની ટીમને એક સિલ્વર કલરની મહિન્દ્રા બોલેરો ફોરવ્હિલ ગાડી (જીજે-05-આરટી-6287), ગુજરાત રાજ્ય બહારથી વિદેશી દારૂનો મોટો જથ્થો ભરીને પલસાણા - હજીરા હાઈવેથી દિપલી ચોકડી તરફ આવનાર હોવાની બાતમી મળી હતી. બાતમીના આધારે દિપલી ચોકડી પાસે પીસીબીની ટીમે વોચ ગોઠવી હતી અને આરોપી મીનેશ ઉર્ફે લાલુ કાંતીલાલ પટેલ (ઉ.વ.૩૩, રહે. કુરગામ, મદન ફળીયુ, તા.ધરમપુર જી.વલસાડ)ની ધરપકડ કરી હતી.

તેની પાસેથી કુલ 61,200 રૂપિયાની કિમતનો દારૂનો જથ્થો મળી આવ્યો હતો. દારૂનો જથ્થો હેરા ફેરી કરવા માટે ઉપયોગમાં લીધેલી કાર મળી કુલ 8.73 લાખનો મુદ્દામાલ પોલીસે કબજે લીધો હતો. આ સિવાય ગાડી આપનાર મીરલ પટેલ (રહે. ઉમરસાડી ગામ, તા.પારડી જી.વલસાડ), દારૂનો જથ્થો લેનાર અજયભાઇ (રહે. સાયણ, તા.ઓલપાડ)ને વોન્ટેડ જાહેર કરાયા છે.

ગાડીની પાછળની સીટ તથા ડી.કીના ભાગે ચોરખાનું બનાવી તેમા દારૂનો જથ્થો સંતાડી ફેરાફેરી કરતા હતા.

પાંડેસરામાં ગેરકાયદે રીતે ગેસ રિફિલીંગ કરનારા એકની ધરપકડ

સુરતઃ પાંડેસરા પોલીસે ગણપતનગર પાસેથી ગેરકાયદે ગેસ રિફિલીંગ કરનારા એકને ઝડપી પાડી 4 હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ પાંડેસરા પોલીસ પેટ્રોલિંગમાં હતી ત્યારે પાંડેસરા ગણપતનગર ગેટ નંબર 3 ભૈરૂનાથ ગેસ સર્વિસ નામની દુકાનમાં ગેરકાયદે રીતે ગેસ રિફિલીંગ કરવામાં આવતું હોવાની બાતમી મળી હતી. બાતમીના આધારે પાંડેસરા પોલીસે રેઈડ કરીને દુકાનમાંથી એકની ધરપકડ કરી હતી. તેનું નામ પુછતા બક્ષુલાલ શંકરજી ખારોલ (ઉ.વ.33, રહે. સનાતન ડાયમંડ નગર, પાંડેસરા) હોવાનું જણાવ્યું હતું. પોલીસે સ્થળ પરથી એક ગેસનો બાટલો, ગેસ રિફિલીંગ મશીન અને નળી તથા ઈલેક્ટ્રીક વજન કાંટો મળીને કુલ 4520 રૂપિયાનો મુદ્દામાલ કબજે લીધો છે.

બારડોલી અને નવસારી લોકસભાની બેઠકમાં 252 શતાયુ મતદારો નોંધાયા

સુરત જિલ્લાની 9 વિધાનસભામાં 85 વર્ષથી વધુ વય ધરાવતા 15,079 વરિષ્ઠ મતદારો

સુરતઃ બારડોલી અને નવસારી લોકસભા બેઠકોમાં સ્થાન પામતી સુરત જિલ્લાની 9 વિધાનસભા બેઠકોમાં 7 મી મે ના રોજ મતદાન થશે.ભારતની ગૌરવશાળી લોકશાહીના જતનમાં ભાગીદાર થનાર મતદારો એટલે વરિષ્ઠ અને શતાયુ નાગરિકો, કે જેઓએ દાયકાઓ સુધી નૈતિક ફરજના ભાગરૂપે પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો છે. આ નાગરિકોને તેમની શારીરિક અશક્તતાના કારણે મત આપવામાં પડતી અગવડતાને દૂર કરવા ભારતના ચૂંટણી પંચ દ્વારા કેટલીક ખાસ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. જેના કારણે વરિષ્ઠ મતદારો વિશેષ સુવિધાઓ સાથે પોતાનો મત આપી શકશે. સુરત-૨૪ લોકસભા સંસદીય બેઠક બિનહરિફ થઈ છે, ત્યારે સુરત-૨૪ બેઠકમાં આવતા ૭ વિધાનસભા મતવિસ્તારો સિવાય બારડોલી અને નવસારી સંસદીય ક્ષેત્રોમાં સમાવિષ્ટ ૧૫૬-માંગરોળ, ૧૫૭-માંડવી, ૧૫૮-કામરેજ, ૧૬૩-લિંબાયત, ૧૬૪-ઉધના, ૧૬૫-મજુરા, ૧૬૮-ચોર્યાસી, ૧૬૯-બારડોલી અને ૧૭૦-મહુવામાં તા.૭મી મે ના રોજ ચૂંટણી યોજાનાર છે. જેમાં અદ્યતન મતદાર યાદી ઉપરોક્ત ૯ વિધાનસભાઓમાં ૨૫૨ શતાયુ મતદારો તેમજ ૮૫ વર્ષથી વધુના ૧૫,૦૭૯ મતદારો નોંધાયા છે. ભારતના ચૂંટણીપંચે ૮૫ વર્ષથી વધુ ઉંમરવાળા વરિષ્ઠ નાગરિકો માટે પોસ્ટલ બેલેટ દ્વારા ઘરેથી મતદાનની સુવિધા આપવાની જોગવાઈ કરી છે, જેથી વડીલ મતદાતાઓને મતદાન માટે વધુ સુવિધા મળી છે. તેઓ મતદાન મથક સુધી ન પહોંચી શકે તો ઘરેથી મતદાન કરવાનો લાભ મેળવી શકે એવી કાળજી લેવામાં આવે છે.

આગામી તા.૭મીએ જ્યાં મતદાન યોજાનાર છે એવા માંગરોળ વિધાનસભા મતવિસ્તારમાં ૮૫ વર્ષથી વધુ વય ધરાવતા ૧૭૧૦ તથા ૧૦૦ વર્ષથી વધુ વય ધરાવતા ૩૪ શતાયુ મતદારો, આ મુજબ ૮૫ વર્ષથી વધુ વય ધરાવતા અને ૧૦૦ વર્ષથી વધુ વય (શતાયુ) ધરાવતા મતદારો અનુક્રમે માંડવી વિધાનસભામાં ૧૯૮૮ તથા ૩૭, કામરેજ વિધાનસભામાં ૧૬૯૮ અને ૨૬, બારડોલી વિધાનસભામાં ૧૭૩૩ અને ૧૭, મહુવા વિધાનસભામાં ૨૩૬૫ અને ૫૪ વરિષ્ઠ મતદારો લિંબાયત વિધાનસભામાં ૮૪૯ અને ૧૨, ઉધના વિધાનસભામાં ૭૧૯ અને ૦૫, મજુરા વિધાનસભામાં ૨૪૪૩ અને ૩૯ તેમજ ચોર્યાસી વિધાનસભામાં ૧૫૭૪ અને ૨૮, મતાધિકારનો ઉપયોગ કરશે અને લોકશાહીના મહાપર્વમાં જોડાઈને અન્યો માટે પ્રેરણારૂપ બનશે.

સચિન જીઆઇડીસીમાં નોકરી ઉપર જતા વૃદ્ધને ટેમ્પો ચાલકે અડફેટે લેતા મોત

સુરતઃ સચિન જીઆઇડીસીમાં નોકરી ઉપર જતા વૃદ્ધને ટેમ્પો ચાલકે અડફેટે લેતા મોત નિપજ્યું હતું. નવી સિવિલ હોસ્પિટલમાંથી મળતી માહિતી મુજબ, મૂળ ઉત્તરપ્રદેશના વતની અને હાલ સચિન જીઆઇડીસી ગેટ નંબર-2 ખાતે ત્રીભુવનનાથ રામનરેશ મિશ્રા (70 વર્ષ) રહેતા હતા. ત્રીભુવનનાથ વોચમેન તરીકે નોકરી કરતા હતા. શનિવારે બપોરે ત્રીભુવનનાથ ચાલતા-ચાલતા નોકરી ઉપર જઈ રહ્યા હતાં. તે સમયે પંચાવન નગર ચોકડી પાસે રોડ ક્રોસ કરતી વખતે ટેમ્પો ચાલકે તેમને અડફેટે લીધા હતા. જેથી તેઓને 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું.

અનુસંધાન ... પાના છેલ્લાનું

મોદી સરકારે...

હુંકાર સાથે લોકોને જણાવ્યું કે, કોંગ્રેસ પાર્ટી સત્તામાં આવ્યા બાદ તુરંત પ્રદેશના પ્રશાસક પ્રફુલભાઈ પટેલને હટાવાશે, એવું જણાવ્યુ હતું. સભા બાદ તેઓ લોકોને મળી સભા સ્થળથી પરત રવાના થયા હતા.

લિંબાયતમાં જાહેર...

ભાડે આપી 11 માસનો કરાર કર્યો હતો. બે મહિના ભાડુ ચુકવ્યા બાદ છેલ્લા 3 મહિનાથી ભાડુ ચુકવ્યું ન હતું. ભાડુ માંગતા વાયદાઓ કરી સમય પસાર કર્યો હતો. કાર શોધવાનું શરૂ કરતા તેમની કાર લિંબાયત મારૂતી નગર સર્કલ પાસે હોવાની ખબર પડતા ત્યાં કાર લેવા મિત્ર બીલાલભાઈ સાથે ગયા હતા. કાર ચલાવી રહેલા વ્યક્તિનું નામ પુછતા શેખ સલમાન સલીમભાઈ હોવાનું જણાવ્યું હતું અને આરીફ અબ્દુલ રઝાક શેખ પાસેથી લીધી હોવાનું જણાવ્યું હતું. ડ્રાઈવરે તેની સાથે મુલાકાત કરાવી આપવાનું કહ્યું હતું અને તેમને કારમાં બેસાડી પાણીની ટાંકી ખાડી નવો રોડ સર્કલ પાસે આવ્યા હતા. જ્યાં સલમાને ગુલામ મો.ગુલામ દરોગા ઉર્ફે બાબા સાથે મુલાકાત કરાવી હતી. જ્યાં કાર બાબતે પુછતા ટોળાએ તેમને ઘેરી લીધા હતા અને બુમો પાડીને વાત કરતા હતા ત્યારે ભીડમાં બાબા દર્ગા અને આરીફ શેખ કાર લઈને ભાગી ગયા હતા. આ અંગે પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

સિવિલમાં ગંભીર...

વિભાગમાં ચાર અને કિડની હોસ્પિટલમાં બે એક્સ-રે મશીન છે. આ રીતે હોસ્પિટલમાં છ એક્સ-રે મશીન છે. ઈમરજન્સી વિભાગના દર્દીઓને તપાસ માટે કલાકો સુધી લાઈનમાં ઊભા રહેવું નહીં પડે અને તેના બેડ પર જ તેના એક્સ-રે થઈ જાય તેમ છે.

ઉધનામાં મોબાઈલ...

ઘટનાની જાણ ફાયર કંટ્રોલને કરવામાં આવતા માંનદરવાજા, ભેસ્તાન ફાયર સ્ટેશનોની 7થી 8 ગાડીઓને ઘટના સ્થળે રવાના કરી દેવાઈ હતી.

ફાયર ઓફિસર દિપક બારોટે જણાવ્યું હતું કે, ભીષણબની ગયેલીઆગે આખા કારખાનાને લપેટમાં લઈ લીધું હતું, જેને કારણે ફાયરના જવાનો ઓકિસજનમાસ્ક પહેરીને કારખાનામાં પ્રવેશ કર્યો હતો. અંદાજિત ત્રણેક કલાકનીભારે જહેમત બાદ વહેલી સવારે આગ ઉપર કાબુ મેળવ્યા બાદ કુલિંગની કામગીરી કરવામાં આવી હતી. આગની આ ઘટનામાં મોબાઈલ એસેસરીઝનીબધી જસામગ્રી બળીને ખાક થઈગઈ હતી. આગ લાગવાનું પ્રાથમિક કારણ શોર્ટ સર્કિટ હોવાનું જાણવા મળ્યું હતું.

એસીમાં શોર્ટ...

આગ લાગી જતા અલગ-અલગ ફાયર બ્રિગેડની ટીમ દોડતી થઇ ગઈ હતી.

પ્રાપ્ત જાણકારી મુજબ,કતારગામ સ્થિત પીપલ્સ ચાર રસ્તા મેઈન રોડ ઉપર સમર્પણ શૂટિંગશર્ટીંગ નામની એક કાપડની દુકાન આવી છે. સવારે 6:00 કલાકે તેમાં આગ લાગી ગઈ હતી. જેને કારણે આખા વિસ્તારમાં ભાગદોડ મચી ગઈ હતી. સ્થાનિક લોકોએઆ ઘટના અંગે તુરંત ફાયર કંટ્રોલને જાણ કરતા કતારગામ ફાયર સ્ટેશનની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. સ્ટોરમાં લાગેલી આગને કારણે તેમાં રાખેલોકાપડનોજથ્થો, ફર્નિચર બળીને ખાક થઇ ગઈ હતી. ફાયર ઓફિસર રમેશ સેલરે જણાવ્યું હતુ કે, સ્ટોરમાં બે એર કન્ડિશન લગાવ્યા હતા. તેમાંથી એક એસીનાકોમ્પ્રેસરમાં શોર્ટ સર્કિટ થયાબાદ આગ લાગી ગઈ હતી. જોકે ઘટનામાં કોઈ ઈજા કે જાનહાનીથઇ ન હતી.

તલવાર મ્યાનમાં...

ગયું હતું. કરણસિંહ ચાવડાએ સરદારની કર્મભૂમિ બારડોલીને વંદન કરતાં જણાવ્યુ હતું કે, આ આંદોલનનો નેતા સનાતન ધર્મનો કેસરિયો ધ્વજ છે. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહનું નામ લીધા વગર મોટા સાહેબ સફેદ દાઢી વાળા અને નાના સાહેબ કાળી દાઢી વાળા અને અમારા ભોળા ભુપેન્દ્રભાઈ તમે સાંભળી લેજો અમે તમને જીતવા દેવાના નથી. તેમણે કહ્યું કે રાજકોટના એક નેતાની રેલીમાં કાગડા ઉડતા હતા તો તેમાં ગરમીનું કારણ આપવામાં આવ્યું, તો શું બારડોલીમાં ગરમી નહીં હોય, અહીં પણ 40 ડિગ્રી તાપમાનમાં ક્ષત્રિય સમાજ ભેગો થયો છે અને એટલે જ રાજકારણનું તાપમાન 80 ડિગ્રી પર પહોંચી ગયું છે. તેમણે પરષોત્તમ રૂપાલાને પસા લાલ તરીકે સંબોધ્યા હતા અને તેમનો આભાર માન્યો હતો કે પસાભાઈના નિવેદનને કારણે આજે અમારો સમાજ એક થઈ શક્યો છે. તેમણે કહ્યું કે તમે અમારી પાઘડી ઉછાળી છે, અમારી બેન દીકરીની ઈજ્જત ઉછાળી છે, નાક કાપવાવાળાનું નાક અમે સલામત રહેવા દેતાં નથી.

તેમણે રાજપૂત સમાજના લોકોને અપીલ કરતાં કહ્યું કે અત્યારે તલવાર, ભાલા કે બરછી કાઢવાનો સમય નથી. પરંતુ મત એ જ એક શસ્ત્ર છે. તેનો જ ઉપયોગ કરીને લડાઈ લડવાની છે. સુરેન્દ્રનગરથી છોડેલો અશ્વમેધનો ઘોડો હવે બારડોલી પહોંચ્યો છે, રોકવું હોય તો રોકી લેજો નહીં તો શરણ સ્વીકારી લેજો. તેમણે ક્ષત્રિય આંદોલનને કારણે 25માંથી દસ બેઠકો પર ભાજપે ગુમાવવી પડશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો અને પરષોત્તમ રૂપાલા તો 1000 ટકા હારશે. રાજકોટમાં ક્ષત્રિય બૂથ કમિટીની રચના કરવામાં આવી છે. જે સાત વાગ્યા પહેલા કોઈપણનો આધાર કાર્ડ લઈને બટન દબાવી દેતાં થતાં તેના પર ચાંપતી નજર રાખવાનું કામ કરશે. તેમણે કહ્યું કે આ વખતે ભાજપના ઉમેદવાર સામેનું બટન સ્વચ્છ રાખી સ્વચ્છતા અભિયાનમાં સહભાગી થવાનું છે. તેમણે કહ્યું કે સમાજ એ માં છે અને પક્ષ એ માસી છે. માસી માટે માંને લાત ન મારતા. તેઓ ડાયરાના કલાકારો પર પણ વરસ્યા હતા અને હવે પછી તેમના કાર્યક્રમમાં ક્યારેય ઘોર ન કરવા અપીલ કરી હતી.

400 ક્ષત્રિય...

સમર્થન જાહેર કરવામાં આવનાર છે.

માળિયા હાટીના ખાતેથી કમલમ આવેલા લક્ષ્મણસિંહ યાદવે કહ્યું હતું કે આદિ અનાદિ કાળથી ક્ષત્રિયો સનાતમ ધર્મ અને રાષ્ટ્રની રક્ષા કાજે બલિદાન આપતા આવ્યા છે. ભારત વર્ષ, હિન્દુ સંસ્કૃતિ તથા હિન્દુત્વનું રક્ષણ કરવું ક્ષત્રિયોનું કર્તવ્ય રહેલું છે. એટલા માટે અમે પીએમ મોદીને સમર્થન કરવા આવ્યા છીએ. યાદવે અયોધ્યામાં ભવ્ય રામ મંદિરના નિર્માણનો તથા રામલ્લાની મૂર્તિ પ્રતિષ્ઠાનો પણ ઉલ્લેખ કર્યો હતો.

રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરષોત્તમ રૂપાલાના નિવેદન બાદ રાજ